# ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧.૮ ટકાનું ગાબડું

## દેશમાં આઈઆઈપીની સાથે ગણવામાં આવતા ઔદ્યોગિક ઉત્પાદનમાં એપ્રિલ-જુનની અવધિમાં ૦.૧ ટકાનો ઘટાડો : મેન્યુફેક્ચરીંગમાં મંદી મુખ્ય કારણરૂપ



નવી દિલ્હી, તા.૯

અમેરિકા અને યુરોપમાં આર્થિક મંદીના પગલે નિકાસના ઓર્ડરોમાં ઘટાડો થતાં અને મેન્યુફેકચરીંગનું ઉત્પાદન ઘટતાં જૂનમાં ઔદ્યોગિક ઉત્પાદન ઘટ્યું છે. અર્થતંત્રમાં મંદીના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

વિવિધ પરિબળોના પરિણામ સ્વરૂપે ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં જુનમાં ૧.૮ ટકાનો ઘટાડો થયો છે. એપ્રિલ-જુનની અવધિમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૦.૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. ફેક્ટરી ઉત્પાદનના આંકડા નિરાશાજનક જોવા મળી રહ્યા છે. આઈઆઈપી ઈન્ડેક્ષ દ્વારા ગણવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં ગ્રોથ રેટ જુનમાં ૯.૫ ટકા હતો. જ્યારે ૨૦૧૧-૧૨નાં એપ્રિલ-જુન ત્રિમાસીક ગાળામાં ૬.૯ ટકા હતો. આ આંકડા સાબિત કરે છે કે હાલ વ્યાપક મંદી પ્રવર્તી રહી છે. એપ્રિલ મહિનામાં તેમાં ૦.૯ ટકાનો ઘટાડો અને મે મહિનામાં તેમાં ૨.૪ ટકાનો વધારો નોંધાયો હતો.


દેશના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયની કેન્દ્રીય આંકડાકીય કચેરીએ જારી કરેલી માહિતી મુજબ મેમાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ૨.૪ ટકા હતો. દેશના ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી)માં ઔદ્યોગિક ઉત્પાદનની હિસ્સેદારી ૧૫ ટકાથી વધુ હોય છે. જેના પરિમામે દેશનું નબળું પડેલું અર્થતંત્ર વધુ નબળું પડશે. હાલ દેશનો વૃદ્ધિદર વર્ષના સૌથી તળિયે છે.

માર્ચમાં પૂરા થયેલા ગાળા વખતે વૃદ્ધિદર ૫.૩ ટકા નોંધાયો હતો. ગત વર્ષના મોટાભાગના ગાળામાં મજબૂત વૃદ્ધિ દર હાંસલ કર્યા બાદ જૂનમાં ભારતની નિકાસ ૫.૪૫ ટકા ઘટી હતી. અમેરિકા અને યુરોપમાં આર્થિક સંકટના વાદળોના માહોલના પગલે ત્યાંની માંગ ઘણી બધી ઘટી ગઈ છે. જેની સીધી અસર દેશના ઔદ્યોગિક ઉત્પાદન સહિત વૃદ્ધિદર તેમજ સમગ્ર અર્થતંત્ર પર પડી રહી છે. ફેક્ટરી ઉત્પાદનમાં ત્રીજા ભાગનો હિસ્સો ધરાવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વૃદ્ધિ દર જૂનમાં ૩.૬ ટકા નોંધાયો છે. જે મેના સમીક્ષાના આંકડાથી ૪ ટકા ઓછો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પૂર્વ નાણામંત્રી પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ બન્યા બાદ લગભગ એક માસ સુધી નાણાં મંત્રાલયમાં કોઈ નીતિવિષયક નિર્ણયો જૂન-જુલાઈ દરમ્યાન લેવામાં આવ્યા ન હતા. જેની પણ અસર અર્થતંત્ર પર જોવા મળી રહી છે. જો કે ગત સપ્તાહે વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે નાણામંત્રાલય ફરી પી. ચિદમ્બરમને સોંપતા હવે તેમાં નીતિવિષયક નિર્ણયો લઈને શક્ય તેટલી આર્થિક મંદીની અસર દૂર કરવાની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવશે.

# મજબૂત લોકપાલ માટે આંદોલન જારી જ રહેશે : રામદેવનો હૂંકાર

## કાળા નાણાંને પરત લાવવામાં સરકાર નિષ્ફળ રહેશે તો ભાવિ વ્યુહરચના જાહેર

## કેગ, સીવીસી, ચુંટણી કમિશ્નરની વરણી પ્રક્રિયામાં ફેરફારની માગ



નવી દિલ્હી, તા.૯

યોગગુરૂ બાબા રામદેવે આજે મજબુત લોકપાલ ઘડી કાઢવા તાત્કાલિક પગલા લેવાની માંગ સાથે ત્રણ દિવસના અનશન શરૂ કર્યા હતા. સાથે સાથે વિદેશી બેંકોમાં જમાં કાળા નાણાંને પરત લાવવાને લઈને પણ તાત્કાલિક પગલા લેવા બાબા રામદેવે યુપીએ સરકાર ઉપર દબાણ વધારી દીધું છે. બાબા રામદેવે કહ્યું હતું કે જો સરકાર આમા નિષ્ફળ જશે તો તેઓ તેમની ભાવિ વ્યુહરચના જાહેર કરશે. ગયા વર્ષે જુનમાં અડધી રાતમાં બાબા રામદેવને જ્યાંથી સંતાઈને ફરાર જવાની ફરજ પડી હતી ત્યાંથી જ બાબા રામદેવે તેમના ત્રણ દિવસના અનશન શરૂ કર્યા હતા. રામલીલા મેદાન ખાતે તેમના અનશન શરૂ થયા હતા. ગયા વર્ષે પોલીસે કાર્યવાહી કર્યા બાદ જુનમાં અડધી રાતથી બાબા રામદેવ ભાગી ગયા હતા. યોગગુરૂએ દાવો કર્યો હતો કે તેમનું આદોલન કોઈ વ્યક્તિગત સામે અથવા તો કોઈ રાજકીય પક્ષની સામે નથી તેમના સમર્થકો સમક્ષ આશ્ચર્ય જગાવીને રામદેવે જાહેરાત કરી હતી કે તેઓ ત્રણ દિવસ સુધી અનશન પર જશે. તેમની માંગણીમાં સ્વતંત્ર સીબીઆઇ તપાસનો સમાવેશ થાય છે. પત્રકારો સાથે વાતચીત કરતા રામદેવે કહ્યું હતું કે ત્રણ દિવસ સુધી તે પાણી પીસે નહીં અને કોઈપણ ચીજવસ્તુઓ ખાશે નહીં. ત્રણ દિવસ બાદ ભાવિ વ્યુહરચના અંગે નિર્ણય લેવામાં આવશે. આ મુદ્દે સરકાર સમક્ષ વાતચીતની ઓફર કરીને રામદેવે કહ્યું હતું કે તેઓ ચુંટણી કમિશ્નરોની નિમણુંક, સીએજીની નિમણુંક, સીવીસીની નિમણુંક અને સીબીઆઇ ડિરેક્ટરની નિમણુંકની પ્રક્રિયામાં ફેરફાર ઈચ્છે છે. તેમણે અણ્ણા હજારે સાથે તેમના સંબંધો અંગેની પણ વાત કરી હતી અને તેમણે કહ્યું હતું કે સામાજિક કાર્યકર અણ્ણા દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલનને તેમનો ટેકો છે. લોકપાલ માટેની લડત પુરી થઈ નથી. પરંતુ અમે આ લડાઈને આગળ લઈ જશું. તમામ ભ્રષ્ટ લોકોને સજા કરવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે સંસદના ચાલુ મોનસુન સત્રમાં મજબુત લોકપાલ બીલ પસાર કરવામાં આવે તે જરૂરી છે. રામદેવની ટિપ્પણીને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. કારણ કે અણ્ણા હજારેએ હાલમાં જ તેમના અનશન પાછા ખેંચી લીધા હતા અને તેમની ટીમને પણ વિખેરી નાંખી હતી. રામદેવે એમ પણ કહ્યું હતું કે તેમનો આંદોલન કોઈની વિરૂદ્ધમાં નથી. ભારતને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા તેમનો ઈરાદો છે. સત્તામાંથી કોઈને દુર કરવા તેમનું આંદોલન નથી. રામદેવે કહ્યું હતું કે તેમનું કોઈ રજકીય એજંડા નથી. જો સરકાર કાળા નાંણા, લોકપાલ બીલ, નિમણુંકની પ્રક્રિયા અને સીબીઆઈને સ્વતંત્ર બનાવવા અંગે તેમની માંગણી સ્વિકારવા સહમત થશે નહીં તો તેમના વિરોધના બીજા તબક્કાની જાહેરાત કરશે.

### એક લાખ સુધીની સારવાર મફત અપાશે

# ગરીબોને સુપર સ્પેશ્યાલિટી સારવાર મફત મળી શકશે

નવી દિલ્હી, તા.૯

કેન્દ્ર સરકાર દેશભરના ગરીબોને સુપર સ્પેશ્યાલીટી સારવા મફત આપશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગરીબી રેખા હેઠળ (બીપીએલ) પરિવારોને માનસિક રોગો, અને ડાયાબિટીસની સુપર સ્પેશ્યાલીટી સારવાર મફત આપવાની જાહેરાત કરી છે. સુપર સ્પેશ્યાલીટી સારવાર ઓલ ઈન્ડિયા મેડીકલ સર્વિસ (એમ્સ) પ્રકારની હશે. દેશના લોકોનો માનસિક રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પગલે તેને રાષ્ટ્રીય આરોગ્યનિધિમાં સામેલ કરવાનો નિર્ણય આરોગ્ય મંત્રાલયે કર્યો છે. અત્રે એ નોંધનીય છે કે રાષ્ટ્રીય આરોગ્યનિધિ યોજના હેઠળ બીપીએલ પરિવારોને કેન્સર સહિતના જીવલેણ રોગોની સારવારમાં આર્થિક મદદ પણ કરવામાં આવે છે. નવી જાહેરાત અનુસાર બીપીએલ પરિવારના દર્દીઓને ડિપ્રેશન સહિતના માનસિક રોગો માટે ૧ લાખ રૂપિયા સુધીની સારવાર મફત આપવામાં આવશે. જો કે ખર્ચ દોઢ લાખથી વધી જાય તો તે કેસ નિષ્ણાત કમિટી સમક્ષ મંત્રણા અર્થે મોકલવામાં આવશે. દરમ્યાન આરોગ્ય મંત્રાલયે કરોડો ભારતીયોને લાગુ પડેલા ડાયાબિટીસના રોગને પણ રાષ્ટ્રીય આરોગ્ય નિધિમાં સામેલ કર્યો છે. મંત્રાલયે જારી કરેલી અખબારી યાદી મુજબ દેશની ૭ ટકા વસ્તી માનસિક રોગનો શિકાર છે. અંદાજે ૧૩ કરોડ થી વધુ ભારતીયો માનસિક રોગનો શિકાર બનેલા છે. જેમાં સ્કીઝોફેનિયા અને ડિપ્રેશન સહિતના રોગોનો સમાવેશ થવા જાય છે. આમાંથી ૯૦ ટકા લોકોને સારવાર મળતી નથી.

બીજી બાજુ દેશમાં માનસિક રોગના નિષ્ણાત તબીબોની ભારે તંગી છે. જાહેરાત અનુસાર જરૂરીયાત મંદ દર્દીઓને આર્થિક મદદ કરવા એમ્સ, આરએમએલ, સફદરજંગ જેવી હોસ્પિટલોમાં ૧૦ થી ૪૦ લાખ સુધીનું એડવાન્સ ભંડોળ રખાય છે. જેમાંથી આ યોજના માટેના લાયક દર્દીને ૧ લાખ રૂપિયા સુધીની સારવાર અપાશે.

# જન્માષ્ટમી પહેલા સોના, ચાંદીમાં ઉછાળો નોંધાયો

મુંબઈ, તા.૯

રાજ્યમાં વરસાદનું આગમન અને જન્માષ્ટમીના તહેવારને લઈ ગુરુવારે અમદાવાદ સોના-ચાંદી બજારમાં હકારાત્મક વલણ જોવા મળ્યું હતું. દિવસના કારોબારનાં અંતે એક કિલોગ્રામ ચાંદીનો ભાવ રૂપિયા ૩૦૦ના સુધારા સાથે રૂપિયા ૫૨૭૦૦થી ૫૩૨૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જે બુધવારે રૂપિયા ૨૦૦ના ઘટાડા સાથે રૂપિયા ૫૨૪૦૦થી ૫૨૯૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

જ્યારે ૧૦ ગ્રામ સોનાના ભાવ પણ રૂપિયા ૧૦૦ના સુધારા સાથે રૂપિયા ૩૦૦૦૦થી ૩૦૧૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે રૂપાએ પોતાનો સકારાત્મક કારોબાર જાળવી રાખતા એક કિલોગ્રામ રૂપાના ભાવ રૂપિયા ૧૦૦ના સુધારા સાથે રૂપિયા ૫૨૫૦૦થી ૫૩૦૦૦ની સપાટી ઉપર બંધ રહ્યો હતો.

# ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી માટે આજે ટીમની પસંદગી કરાશે

## પીઢ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણ ઉપર તમામની નજર રહેશે : ૨૩મી ઓગષ્ટથી ટેસ્ટ શ્રેણીની શરૂઆત કરાશે

મુંબઈ,તા. ૯

૨૩મી ઓગષ્ટથી ન્યુઝીલેન્ડ સામે શરૂ થઈ રહેલી બે ટેસ્ટ મેચોની શ્રેણી માટે આવતીકાલે ટીમની પસંદગી કરવામાં આવનાર છે. માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્ડુલકરની એન્ટ્રી નિશ્ચિત દેખાઈ રહી છે. જો કે આ વખતે તમામ લોકોની નજર અન્ય પીઢ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણ પર કેન્દ્રિત થઈ ગઈ છે. સચિન બે મહિનાના ગાળા બાદ ટેસ્ટ ટીમમાં વાપસી કરનાર છે. પસંદગીકારો સામે ટીમની પસંદગી કરતી વેળા કેટલાક પડકારો રહેશે. પસંદગીકારો સપ્ટેમ્બરમાં શ્રીલંકામાં રમાનારી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ ચેમ્પિયનશીપ માટે પણ અંતિમ ટીમની પસંદગી કરનાર છે. અસામાન્ય કેન્સરની સારવાર લીધા બાદ એનસીએમાં હાલ સારવાર લઈ રહેલા યુવરાજની વાપસી નિશ્ચિત દેખાઈ રહી છે. પસંદગી સમિતીના સુત્રોએ કહ્યું છે કે એનસીએ તરફથી મળનાર ફિટનેસ સર્ટિ પર યુવરાજની પસંદગીની બાબત આધારિત રહેશે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ હૈદરાબાદમાં રમાનાર છે. જ્યારે બીજી ટેસ્ટ મેચ ૩૧મી ઓગષ્ટથી બેંગલોરમાં રમાનાર છે. સુત્રોએ કહ્યું છે કે તમામ લોકોની નજર લક્ષ્મણ પર કેન્દ્રિત રહેશે. ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને કોચ ફ્લેચર પણ આ બેઠકમાં ભાગ લેનાર છે. ભારત આ ટેસ્ટ શ્રેણીમાં સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવાની યોજના ધરાવે છે. શ્રીલંકામાં તાજેતરમાં પૂર્ણ થયેલી વન ડે શ્રેણીમાં સચિન રમ્યો ન હતો. પરંતુ તે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાં રમવા માટે આશાવાદી છે. આ શ્રેણી ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે ટીમ ઈન્ડિયા પહેલી વખત રાહુલ દ્રવિડ વગર મેદાનમાં ઉતરશે. ભારતીય એ ટીમના કેપ્ટન ચેતેશ્વર પુજારાને તક મળે તેવી શક્યતા છે. રોહિત શર્મા હાલમાં નિષ્ફળ રહ્યો છે. જ્યારે ચેતેશ્વર પુજારા જોરદાર દેખાવ કરવામાં સફળ રહ્યો છે. સહેવાગ, ગંભીર, કોહલી, સચિન, પુજારા અને ધોની મુખ્ય બેટ્સમેન તરીકે રહેશે. સહેવાગ અને ઝહીરની ફિટનેસને લઈને પણ શંકા છે.

# સેબીના કઠોર નિયમોથી ક્ષેત્રીય શેરબજારનું ભાવિ અધ્ધરતાલ

## ૧૭ ક્ષેત્રીય શેરબજારો બંધ કરવા પડે તેવી સ્થિતી સર્જાઈ

## શેરબજારોમાં સંચાલન માટે સેબીએ ઘણી શરતો બનાવી

નવી દિલ્હી, તા.૯

સ્ટોક એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના આકરા નિયમોના પગલે દેશના ક્ષેત્રીય શેરબજારોને તાળા વાગવાની આશંકા ઉભી થઈ છે. ક્ષેત્રીય શેરબજારના સંચાલન માટે એક માસ પૂર્વે સેબીએ નક્કી કરેલા નિયમો અને માર્ગદર્શિકામાં સંશોધન, સમીક્ષા કે પછી ફેરફાર કરવાનો આજે સ્પષ્ટ ઈનકાર કરી દેતાં દેશના ૧૭ ક્ષેત્રીય શેરબજારો બંધ કરવા પડે તેવી સ્થિતિ ઉદભવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ જૂનમાં સેબીએ ક્ષેત્રીય શેરબજારોના સંચાલન માટે ઘણી બધી શરતો બનાવી હતી. જેમાં મહત્વપૂર્ણ શરત એ હતી કે શેરબજારનું નેટવર્થ સો કરોડ હોવું આવશ્યક છે. તેની સામે તેનું ટર્નઓવર પણ એક હજાર જેટલું હોવું જરૂરી છે. સેબીએ સ્પષ્ટ કર્યુ હતુ કે બે વર્ષમાં આ શરતોનું યોગ્ય પાલન નહીં થાય તો શેરબજાર ચલાવવાની મંજૂરી અપાશે નહીં. જેના પરિણામ એક-બે શેરબજારને બાદ કરતાં દેશના ઘણાં બધા ક્ષેત્રીય શેરબજારનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે. અત્રે એ નોંધનીય છે કે ગઈકાલે રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, દિલ્હી, ભુવનેશ્વર, ચેન્નાઈ, બેંગલોર, કોચીન, ઈન્દોર, લુધિયાણા સહિતના ક્ષેત્રીય શેરબજારના પ્રતિનિધિઓએ મુંબઈમાં સેબીના ઉચ્ચ પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી.બેઠકમાં તમામ પ્રતિનિધિઓએ શરતો અને નીતિ નિયમોમાં ફેરફાર કરવાની કરેલી માંગ સેબીએ ફગાવી દેતા અંદાજે ૧૭ ક્ષેત્રીય શેરબજારોનું ભાવિ હાલ અંધકારમય બન્યું છે.

# રામદેવના આંદોલનની ખુરશીદ દ્વારા ઝાટકણી

નવી દિલ્હી,તા. ૯

ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને લઈને રામલીલા મેદાન પર અનશનની શરૂઆત કરી ચુકેલા બાબા રામદેવની આજે કેન્દ્રિય પ્રધાન દ્વારા આકરી ટીકા કરવામાં આવી હતી. કાયદા પ્રધાન સલમાન ખુરશીદે કહ્યું છે કે દર વર્ષે આ પ્રકારના આંદોલનો થતા રહે છે. બાબા રામદેવે અનશનની શરૂઆત કર્યા બાદ સલમાન ખુરશીદે પોતાની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે રામલીલા મેદાન પર દર વર્ષે આ પ્રકારની લીલાઓ થતી રહી છે. ખુરશીદના આ પ્રકારના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સરકાર ટીમ અણ્ણાના અનશનની જેમ જ બાબા રામદેવના અનશનને પણ વધારે મહત્વ આપવા ઈચ્છુક નથી.

આ અગાઉ બાબા રામદેવે દિલ્હીમાં રામલીલા મેદાન પર તેમના ત્રણ દિવસના અનશનની શરૂઆત કરી હતી. બાબા રામદેવે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે તેમની લડાઈ જારી રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે આંદોલનના બીજા તબાક્કાની જાહેરાત ૧૨મી ઓગસ્ટના દિવસે કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે વાતચીત માટે તેઓ તૈયાર છે.

## ઉજવણી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જન્મોત્સવને વધાવવા મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કેટલાક ધાર્મિક સ્થાનોએ કૃષ્ણ જન્મોત્સવને વધાવવા શણગાર કરવામાં આવ્યો છે. સે. ૨૨ પંચદેવ મંદિર તેમજ સે. ૨૯ જલારામ ધામ ખાતે પણ જન્માષ્ટમીના ઉત્સવને અનુલક્ષી રાત્રિના કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જલારામ ધામ ખાતે પણ મટકી-ફોડ અને ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. સે. ૨૨ પંચદેવ મંદિર પાસે પણ જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ કૃષ્ણજન્મોત્સવની ઉજવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ખજાનો

● ચોથા પાનાનું અનુસંધાન

પ્રશ્ન - સર ડૉન બ્રેડમેન કયા દેશનાં અને કઈ રમતના ખેલાડી હતા?

જવાબ - ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર

(૪) રોહિત એસ. મકવાણા : સે-૧૭થી

પ્રશ્ન - રાઈટ બંધુઓએ બનાવેલ વિમાન કેટલું અને કેટલા કિ.મી. ચાલ્યું હતું?

જવાબ - ૩૮.૬૪ કિ.મી - ૩૮ મીનીટમાં

(૫) કનક સી. ચૌહાણ : સે-૧૬થી

પ્રશ્ન - સૌ પ્રથમ રેડિયો પ્રોગ્રામ કયારે અને કયા દેશમાંથી પ્રસારિત થયો હતો?

જવાબ - ૧૯૦૬ માં કેનેડા ખાતેથી

### ● આ સપ્તાહનો સવાલ...?

કયા મહાનુભાવ બીજી વખત ઉપરાષ્ટ્રપતિ તરીકે ભારે બહુમતિથી નિયુક્ત થયા ?

### ● સાચા જવાબો :-

(૧) અ (૨) ડ (૩) ક (૪) ક (૫) ડ (૬) ડ (૭) ક (૮) ડ (૯) બ (૧૦) બ (૧૧) અ (૧૨) અ (૧૩) ક (૧૪) ડ (૧૫) અ

# જમ્મુ કાશ્મીરમાં જવાનો અને ઓફિસરો વચ્ચે ફરી તંગદીલી

નવી દિલ્હી,તા.૯

સેનાની યુનિટમાં ખેંચતાણ અને તંગદીલીનો વધુ એક દાખલો સપાટી ઉપર આવતા યુપીએ સરકાર પણ હચમચી ઉઠી છે. આ સમગ્ર મામલામાં સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ સેનાના વડા જનરલ બિક્રમસિંહ પાસેથી વિસ્તૃત અહેવાલની માંગણી કરી છે. બિક્રમસિંહ્ વેસ્ટર્ન કમાન્ડની યાત્રા ઉપર છે. આ બનાવ એવા સમયે જ બન્યો છે. સેનાના જવાન અને ઓફિસરો વચ્ચે તંગદીલી ફેલાતા યુપીએ સરકારે પણ આની નોંધ લીધી છે. જો કે વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું છે કે આને વધારે મહત્વ આપવાની જરૂર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરમાં સામ્બા જિલ્લામાં બુધવારે એક જવાને આત્મહત્યા કરી લીધા બાદ આર્મી યુનિટમાં જવાનો અને અધિકારીઓ આમને સામને આવી ગયા હતા. છેલ્લા ચાર મહિનાના ગાળામાં આ પ્રકારનો આ બીજો બનાવ છે. અધિકારીઓ અને જવાનો સામ સામે આવી જતા ઉગ્ર બોલાચાલી થઈ હોવાનું જાણવા મળ્યું છે. લડાખમાં નયોમાં ખાતે મે મહિનામાં સૈનિકો વચ્ચે કથીત જપાજપી થતાં બે મેજર, એક કમાન્ડિંગ ઓફિસર ઘાયલ થયા છે. આ બનાવમાં તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે થીરૂવનંતપુરમના ૧૬ કાવેરી રેજીમેન્ટના અરૂણ નામના જવાને આત્મહત્યા કરી હતી. આ બનાવ બાદથી જ હિંસા ફેલાયેલી છે. જવાનના ઘરમાં કેટલીક તકલીફ હતી અને તે રજા માંગી રહ્યો હતો. પરંતુ અધિકારીઓ તેને રજા આપી રહ્યા ન હતા. આ બનાવ બાદ સાથી જવાનોએ અધિકારીઓનો ઘેરાવ કર્યો હતો.

# લોકપાલ બિલ ચોમાસુ સત્રમાં આવી શકે : બંસલ

## સંસદીય પેનલ સત્રની સમાપ્તી પહેલા અહેવાલ સોંપે તે જરૂરી છે : સમિતિ ત્રીજી સપ્ટેમ્બરે અહેવાલ સોંપી શકે

નવી દિલ્હી, તા.૯

સંસદના ચોમાસુ સત્રનો ગઈકાલે અડવાણીના વિવાદીત નિવેદનથી પ્રારંભ થયો છે. કેન્દ્ર સરકારે આજે લોકપાલ બિલ વર્તમાન ચોમાસુ સત્રમાં રજૂ કરવાની શક્યતા વ્યક્ત કરી હતી. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી પવન બંસલે આજે કહ્યું હતું કે, ૩ સપ્ટેમ્બર સુધીમાં અમને અહેવાલ મળી જવાની અપેક્ષા છે. જો તે શક્ય બનશે તો તેને ચોમાસુ સત્રમાં જ લાવીશું. ગત સપ્તાહે બંસલે કહ્યું હતું કે, જો પસંદગી સમિતિ અપેક્ષા પહેલાં જ ભલામણ સુપ્રત કરી દેશે તો તે પર આવશ્યક પગલાં લઈને તેને ચોમાસુ સત્રમાં જ રજૂ કરી દઈશું. મજબૂત જનલોકપાલ બિલ પસાર કરાવવા સરકાર કટિબદ્ધ હોવાનો દાવો કરતાં પવન બંસલે કહ્યું હતુ કે, જો રાજ્યસભાની પસંદગી સમિતિને વર્તમાન સત્રના અંતિમ સપ્તાહના પ્રથમદિન સુધીમાં ભલામણો આપી દેવાનો સમય અપાયો છે. જો તે સત્રના મધ્યભાગમાં આપી દેશે તો ચાલુ સત્રમાં જ તેને પસાર કરી દેવાની સંભાવના છે. અત્રે એ નોંધનીય છે કે સંસદનું વર્તમાન ચોમાસુ સત્ર ૮ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. છેલ્લા એક-બે વર્ષથી મજબૂત જન લોકપાલ બિલ મુદ્દે દેશભરમાં આંદોલન ચલાવનાર પીઢ ગાંધીવાદી અન્ના હજારેના બીજા તબક્કાના આંદોલનને યોગ્ય પ્રતિસાદ ન સાંપડતા આમરણાંત ઉપવાસ છોડી દેવાની ફરજ પડી હતી. જેથી હવે લોકપાલ બિલ પસાર કરાવવા માટે કેન્દ્ર સરકાર પર એક વર્ષ અગાઉ જે દબાણ હતું તે હવે નથી રહ્યું. આમ તેથી કેન્દ્ર સરકાર ચાલુ સત્રમાં પણ બિલ પસાર ન કરે તેવી શક્યતા ન હોવાનું એક રાજકીય નિષ્ણાતનું માનવું છે.

# પુંચમાં ભારતીય ચોકી ઉપર પાકનો ગોળીબાર

જમ્મુ,તા. ૯

યુદ્ધવિરામનો ફરી એકવાર પાકિસ્તાની સેનાએ ખુલ્લો ભંગ કર્યો છે. પાકિસ્તાની સૈનિકોએ આજે ભારતીય ચોકી પર ગોળીબાર કર્યો હતો. જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં અંકુશ રેખા પર આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સેનાના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે પાકિસ્તાની સૈનિકોએ પુંચ જિલ્લાના ક્રિષ્નાઘાટી સબસેક્ટરમાં ભારત પાકિસ્તાન સરહદ પર ગોળીબાર કર્યો હતો. યુદ્ધવિરામનો ખુલ્લી રીતે ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ ગોલીબાર કરવા માટે નાના હથિયારોનો ઉપયોગ કર્યો હતો. છેલ્લા ચાર દિવસની અંદર પાકિસ્તાન દ્વારા ચોથી વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે.